# હરિનામ સંકીર્તન આંદોલનના પ્રણેતા ચૈતન્ય મહાપ્રભુ



ધર્મરંગ

વ્યોમા સેલર

ચૈતન્ય મહાપ્રભુનો પ્રાગટ્ય વૈષ્ણવ ભક્તિ પરંપરામાં અતિ વિશેષ માનવામાં આવે છે. તેમનો જન્મ ફાગણ સુદ પૂર્ણિમા, ૧૮ ફેબ્રુઆરી ૧૪૮૬ના દિવસે, પશ્ચિમ બંગાળના નવદ્વીપ (નાદિયા) ખાતે થયો હતો. તેમના પિતા જગન્નાથ મિશ્ર અને માતા શચીદેવી ભક્તિભાવથી પરિપૂર્ણ બ્રાહ્મણ દંપતિ હતા. બાળપણમાં તેમનું નામ “વિશ્વંભર” રાખવામાં આવ્યું, અને તેઓ પ્રેમથી “નિમાઈ” તરીકે ઓળખાતા, કારણ કે તેમનો જન્મ નીમના વૃક્ષ નીચે થયો હતો એવી માન્યતા છે.

તેમના જન્મ સમયે ચંદ્રગ્રહણ લાગેલું હતું, જે આ પ્રસંગને વિશેષ આધ્યાત્મિક મહત્ત્વ આપે છે. હિંદુ પરંપરામાં માન્યતા છે કે ચંદ્રગ્રહણ દરમિયાન ગંગાસ્નાન અને ભગવાનના નામનો જપ કરવો શુભ ગણાય છે. તેથી નવદ્વીપમાં હજારો લોકો ગંગાના કિનારે “હરી બોલ”, “હરે કૃષ્ણ” જેવા નામોચ્ચાર કરી રહ્યા હતા. કહેવાય છે કે ચૈતન્ય મહાપ્રભુના અવતરણ સમયે આખું શહેર ભગવાનના નામના સંકીર્તનથી ગુંજી રહ્યું હતું.

શ્રીકૃષ્ણ ભગવાન દૈવી તત્વ અને ધર્મના ઉપદેશક છે, જ્યારે ચૈતન્ય મહાપ્રભુએ તે દૈવી પ્રેમને ભક્તિના સરળ માર્ગ દ્વારા સર્વસામાન્ય લોકો સુધી હરિ માર્ગનો સંદેશો પહોંચાડ્યો. ચૈતન્ય મહપ્રભુએ જાતિ-પાતિ, ધન-દોલત અને વિદ્વત્તા જેવી ભેદભાવની દિવાલો તોડી સર્વજન માટે ભક્તિમાર્ગ ખુલ્લો રાખ્યો. તેમના સંકીર્તન યાત્રાઓ દરમિયાન લોકો ભક્તિભાવથી નાચતા-ગાતા અને આધ્યાત્મિક આનંદનો અનુભવ કરતા. પુરીમાં તેમણે જીવનનો અંતિમ સમય વિતાવ્યો, જ્યાં તેઓ ભગવાન જગન્નાથની ભક્તિમાં તલ્લીન રહ્યા. ચૈતન્ય મહાપ્રભુની શિક્ષાઓ “અચિન્ત્ય ભેદાભેદ” તત્ત્વ પર આધારિત છે – જેમાં જીવ અને ઈશ્વર વચ્ચે એકતા પણ છે અને ભેદ પણ છે. તેમની પ્રેરણાથી ગૌડિય વૈષ્ણવ સંપ્રદાયનું વિકાસ થયું, જે બાદમાં વિશ્વભરમાં પ્રસરી ગયું. 20મી સદીમાં શ્રીલ એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદે હરિનામ સંકીર્તનને વૈશ્વિક સ્તરે પ્રસારિત કર્યું.

ચૈતન્ય મહાપ્રભુનો જીવનનો મહત્વપૂર્ણ સમય ઓડિશાના પુરી શહેરમાં વિત્યો, જ્યાં શ્રી જગન્નાથજીનું પ્રાચીન અને પ્રસિદ્ધ મંદિર આવેલું છે. મહાપ્રભુ માટે જગન્નાથજી માત્ર દેવતા નહોતા, પરંતુ તેઓ તેમને સ્વયં શ્રીકૃષ્ણનું સાક્ષાત્ સ્વરૂપ માનતા હતા. પુરી પહોંચ્યા બાદ તેઓ દરરોજ મંદિર જઈને ભગવાનના દર્શન કરતા અને ભક્તિભાવથી સંકીર્તન કરતા. કહેવામાં આવે છે કે જ્યારે મહાપ્રભુ પ્રથમવાર જગન્નાથજીના દર્શન માટે મંદિર ગયા, ત્યારે તેઓ ભગવાનના અદભુત સ્વરૂપને જોઈને પરમાનંદમાં તલ્લીન થઈ ગયા અને ભાવવિભોર થઈ બેહોશ થઈ પડ્યા. તેમની આ ગાઢ ભક્તિ અને પ્રેમભાવને જોઈને ત્યાંના પંડિતો અને ભક્તો આશ્ચર્યચકિત થયા.

પુરીમાં તેઓ “ગંભીરા” નામના સ્થળે નિવાસ કરતા, જ્યાં તેઓ અંતિમ વર્ષોમાં અત્યંત આંતરિક ભક્તિ અને ધ્યાનમાં લીન રહ્યા.

ચૈતન્ય મહાપ્રભુ ખાસ કરીને “રથયાત્રા” મહોત્સવ દરમિયાન અત્યંત ભાવપૂર્વક સંકીર્તન કરતા. રથયાત્રા દરમિયાન તેઓ ભગવાન જગન્નાથના રથ આગળ નૃત્ય અને ગાન કરતા, જેને હજારો ભક્તો નિહાળતા. તેમના માટે આ મહોત્સવ માત્ર ઉત્સવ નહોતો, પરંતુ ભગવાન સાથેનો આત્મિક મિલન હતો.

પુરીમાં તેઓ “ગંભીરા” નામના સ્થળે નિવાસ કરતા, જ્યાં તેઓ અંતિમ વર્ષોમાં અત્યંત આંતરિક ભક્તિ અને ધ્યાનમાં લીન રહ્યા. તેમની ભક્તિનો કેન્દ્રબિંદુ જગન્નાથજી હતા. તેઓ માનતા કે ભગવાનનું નામ, સ્વરૂપ અને લીલા–ત્રણેયમાં સમાન દિવ્ય શક્તિ રહેલી છે. ચૈતન્ય મહાપ્રભુએ જગન્નાથજી પ્રત્યેની નિષ્કપટ પ્રેમભક્તિ દ્વારા બતાવ્યું કે સચ્ચી ભક્તિમાં આડંબર કે ઔપચારિકતાની જરૂર નથી, પરંતુ હૃદયપૂર્વકનો પ્રેમ જ મુખ્ય છે. આજે પણ પુરીમાં તેમની યાદમાં ભક્તો હરિનામ સંકીર્તન કરે છે અને તેમના ભાવસભર જીવનમાંથી પ્રેરણા લે છે. ચૈતન્ય મહાપ્રભુનો જીવન સંદેશ પ્રેમ, કરુણા અને નિષ્કપટ ભક્તિ છે. હરિનામ સંકીર્તન દ્વારા તેમણે સામાન્ય માનવીને સીધો અને સરળ આધ્યાત્મિક માર્ગ આપ્યો. આજેય વિશ્વભરમાં ભક્તો સમૂહમાં હરિનામ ગાઈને તેમની પરંપરાને જીવંત રાખી રહ્યા છે.

# તાળાં અને ચાવી



બાઉલ કથા



લેફ્ટનન્ટ સતીશ વ્યાસ

અમે સવારના સમયે જ આનંદદાસ બાઉલના આશ્રમે પહોંચી ગયા. હૂબલી જિલ્લાના આરામબાગ તાલુકાના, ગોઘાટ મહાલમાં, ભાદુર ગ્રામપંચાયત હેઠળ આવતા, આદ્રા નામના એક નાનકડા પ્રદેશના દ્વારકેશ્વર નદીના પશ્ચિમ કાંઠા પાસે, આ બાઉલનો આશ્રમ છે. વહેલા પહોંચવાનું એક કારણ મારા વકીલ મિત્રની અદ્યતન કાર પણ હતી. કલકત્તાથી તે અમારી સાથે તેમની શેવરોલેટ કારમાં અમને લાવ્યા હતા. તે ખૂબ આરામદાયક અને ઝડપથી ચાલનાર કાર હતી.અ જુદી વાત છે કે તે કાર કરતાં પણ અમારા મિત્રની જીભ- કારના વખાણ માટે -ખૂબ ઝડપથી ચાલતી હતી!

અમે આનંદદાસના આશ્રમે ‘જય ગુરુ’ કહીને બેઠા. તો રાબેતા મુજબ વકીલ મિત્રે બાઉલને કહ્યું, ‘‘ચાલો બાઉલ! તમને નવી કાર બતાવું!’’ પછી બાઉલને રસ છે કે નહીં તે જાણ્યા વિના જ તેને કાર સુધી ઢસડી ગયા. હેડલાઇટ, ટેઈલ લેમ્પ, બેઠક, સેફ્ટી ફીચર્સ વગેરે વિસ્તારથી સમજાવવા લાગ્યા. સૌજન્યઆધીન બાઉલે બધી વાતો ધ્યાનપૂર્વક સાંભળી પરંતુ અમને થતું હતું કે હદ થશે ત્યારે આનંદદાસ બાઉલ આ હુમલાનો જડબાંતોડ જવાબ આપશે! અને એવું જ થયું!

કારપ્રદર્શન પૂર્ણ કર્યા પછી છૂટકારો પામેલ આનંદદાસ આવીને આશ્રમની ખુલ્લી ઓસરીની ધાર પર બેસી ગયા. અમે બધા પણ ત્યાં જ બેઠા હતા. તે વખતે બાઉલે વાત શરૂ કરી, ‘‘સતીશબાબુ! તમે તો મારા ગુરુ સિજુનદાસને મળ્યા છો, તેના જીવનની એક ઘટના કહું, આ ભાદુર ગામમાં સદાય અમે ભિક્ષાટન માટે જઈએ. સામાન્ય રીતે તો અમે ચેલા જ જઈએ પણ ક્યારેક અમારા ગુરુ પણ ભિક્ષા માટે જતાં. આ ગામમાં એક ‘ચાલીસબાડી મહેલ’ મહોલ્લા છે. ત્યાં બધા જ શ્રીમંત લોકો રહે છે. ગુરુ ત્યાં પણ ભિક્ષા માટે જતા હતા. તેમના મનમાં અમીર કે ગરીબ એવા કોઈ ભેદ નહોતા. તે કહેતા કે અમીરના ઘરે ભિક્ષા લેવા બાઉલે ખાસ જવું. વધુ મેલાં કપડાં જોઈ સાબુ ભાગે એ સારું નહીં!’’ અમે બધા હસવા લાગ્યા. મને સમજાઈ ગયું કે હવે વકીલસાહેબનું મર્મભેદનકાર્ય શરૂ થઈ ગયું છે. પછી આનંદદાસ આગળ બોલ્યા, ‘‘આ મહોલ્લામાં જ એક વાર ગુરુ ભિક્ષા માગવા ગયા અને ચાલીસબાડી મહેલ પહોંચ્યા. આ મહેલમાં 40 ઓરડાઓ હતા તેથી જ તેને આવું નામ અપાયેલું. ગુરુએ ત્યાં જઈ અને હરિ બોલ કહી અને ભિક્ષા માટે પોકાર કર્યો. સામાન્ય રીતે તો શેઠનો નોકર ચોખાનો વાટકો ભરી આપી જતો પરંતુ, આજે તો શેઠ જ ફળિયામાં ઊભા હતા

તેમણે ગુરુને બોલાવીને કહ્યું, ‘‘આવો, આવો, બાઉલ! અંદર આવો!’’ ગુરુ અંદર ગયા તો શેઠ બોલ્યા કે બાઉલ તેં આ આખો મહેલ જોયો છે? પછી બાઉલના જવાબને સાંભળ્યા વિના જ સીધા જ બોલ્યા કે ચાલ, તને મારો મહેલ બતાવું!

ગુરુ શેઠની પાછળ પાછળ ચાલ્યા. શેઠે અવાજ કરી નોકરને બોલાવ્યો કે હવેલીના બધા જ રૂમની ચાવીઓ લઈને આવો.

બુઢ્ઢો નોકર હવેલીના રૂમની ચાવીનો મોટો ઝૂડો લઈને આવ્યો. હવેલીના પહેલા રૂમથી બતાવવાની શરૂઆત કરી પરંતુ દરેક વખતે ઝૂડામાંથી મથામણ કરી, નંબર વાંચી વાંચી, નોકર બહુ પ્રયત્ન પછી માંડ તાળું ખોલી શકતો હતો. તેમાં ખૂબ જ સમય પસાર થતો હતો પરંતુ શેઠનો ઉત્સાહ અદમ્ય હતો, ત્રણ મંઝિલના બધા જ રૂમ શેઠે ખૂબ જ મહેનત કરી, બાઉલને ઉત્સાહથી બતાવ્યા પરંતુ તેમાં શેઠનો ખૂબ જ સમય ખર્ચાઈ ગયો.

અંતે નીચે ઊતરતા શેઠે બાઉલને પૂછ્યું કે બાઉલ, શું તમે આટલા રૂમવાળું મકાન જોયું છે?

મારા ગુરુ બોલ્યા કે હા, મારા ગુરુનું મકાન 25 રૂમવાળું છે. પછી થોડું રોકાય અને ગુરુ બોલ્યા કે ...પરંતુ તેણે એવી સરસ વ્યવસ્થા ગોઠવી છે કે તાળા ખોલવામાં આટલો બધો સમય જતો નથી.

શેઠને વાતમાં રસ પડ્યો તે બોલ્યા કે એવું છે? તો એવી વ્યવસ્થા હોય તો અમે પણ તે વ્યવસ્થા શીખી જઈશું, કહો તે કેવી વ્યવસ્થા છે?

જુદી જુદી ચાવી લગાવવાની શું જરૂર છે? એક જ આ મનેર માનુષરૂપી ચાવીથી બધાં જ તાળાં તો ખૂલી જશે અને બંધ પણ કરી શકાશે. સારી રીતે ખોલબંધ થઈ શકશે

ગુરુ સુજનદાસ બોલ્યા કે તમારાથી કદાચ તે વ્યવસ્થા નહીં થઈ શકે! શેઠ બોલ્યા કે ખર્ચ ગમે તેટલો થાય, આપણને કશો વાંધો નથી! બાઉલ ગુરુ બોલ્યા કે ના, ખર્ચનો પ્રશ્ન નથી. મારા ગુરુ કહે છે કે સાંખ્યના આ 25 ઓરડા ખોલવામાં એક જ ચાવી રાખવી અને તે ચાવીનું નામ ‘મનેર માનુષ’

શેઠને કશું સમજાયું નહીં પણ ગુરુએ આગળ કહ્યું કે જુદી જુદી ચાવી લગાવવાની શું જરૂર છે? એક જ આ મનેર માનુષરૂપી ચાવીથી બધાં જ તાળાં તો ખૂલી જશે અને બંધ પણ કરી શકાશે. સારી રીતે ખોલબંધ થઈ શકશે.

શેઠને ન સમજાયું કે આ ચાવી ક્યાં મળતી હશે!’’

આનંદદાસે પોતાની વાત પૂરી કરી. ભલે શેઠને ન સમજાયું હોય પરંતુ અમારા કલકત્તા હાઈકોર્ટના સીનિયર વકીલસાહેબને તો સમજાઈ ગયું હતું કે બાઉલ પાસે ક્યારેય મોંઘી ગાડીના ગુણગાન ન ગવાય!